# આનંદીબેનના નામની જાહેરાતને ફૂલડે વધાવાઈ

## ‘તારકમહેતા કા ઉલ્ટા ચશ્મા’ ફેઈમ મયૂર વાકાણીએ બનાવેલ નરેન્દ્ર મોદી અને સિંહના સ્ટેચ્યુએ આકર્ષણ જમાવ્યું : મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોએ તાળીઓના ગડગડાટથી આનંદીબેનને વધાવ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના ટાઉનહોલના પટાંગણમાં આજે ભારતના ભાવિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલના નામની ઘોષણા કરવામાં આવી હતી. ખૂબ જ ખીચોખીચ ભરેલી જનમેદની વચ્ચે આ જાહેરાત થતા જ ટાઉનહોલ પટાંગણમાં હાજર હજારો કાર્યકરોએ ઉત્સાહ અને હર્ષોલ્લાસથી આનંદીબેન પટેલને વધાવી લીધા હતા. ચોતરફ ઢોલ વાજીંત્રો ગુંજી ઉઠ્યા હતા અને આતશબાજીથી આકાશ છવાઈ ગયું હતું.

આજે સેક્ટર-૧૭માં આવેલ ટાઉનહોલ પટાંગણમાં હજારો કાર્યકરોની ઉપસ્થિતિમાં ભાજપના વડાપ્રધાન બનવા ગુજરાતના મુખ્યમંત્રી પદેથી વિદાય લઈ રહેલા લોકપ્રિય નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાજ્યના તેમના અનુગામી તરીકે સર્વપ્રથમ મહિલા મુખ્યમંત્રીપદે આનંદીબેન પટેલના નામની વિધિવત જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત થતાની સાથે જ હાજર તમામ કાર્યકરોએ તેમને હર્ષોલ્લાસ અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. ટાઉનહોલને અડીને આવેલા સ્વર્ણિમ પાર્કમાંથી ભવ્ય આતશબાજી કરાઈ હતી અને ટાઉનહોલના પટાંગણમાં ઢોલ, શરણાઈ અને અન્ય વાજીંત્રોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

આ સમારંભમાં કાર્યકરોની મોટી ભીડ ઉમટી પડી હતી અને સર્વત્ર ખુશીનો



(તસવીર : દિપક જાની)

માહોલ છવાયેલો દેખાતો હતો. ટાઉનહોલના પટાંગણમાં કમળના નિશાન વાળી ફુલોની સુંદર રંગોળી તૈયાર કરવામાં આવી હતી. આ ઉપરાંત અહીં ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ના સુંદરમામા એટલે કે મયુર વાકાણી અને તેમના સહયોગીઓ દ્વારા નરેન્દ્ર મોદી અને સિંહનું અદ્‌ભૂત સ્ટેચ્યુ પણ મુકવામાં આવ્યું હતું. જે હાજર તમામનું ધ્યાન આકર્ષિત કરતું હતું. આ સ્ટેચ્યુમાં નરેન્દ્ર મોદી હાથમાં કમળનું ફુલ લઈને ઉભા હોય તેવો પોઝ બનાવવામાં આવ્યો હતો. ટાઉનહોલના પટાંગણમાં ભારતના ભાવિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જોવા રીતસરની પડાપડી થઈ હતી અને લોકો તેમના મોબાઈલમાં તેમની તસવીરો યાદગીરી માટે લઈ રહ્યા હતા.

# વિધાનસભાની સાથે સાથે

- મુખ્યમંત્રી મોદી વિધાનસભા પહોંચ્યા ત્યારે ગૃહના અધ્યક્ષ વજુભાઈ વાળા, મંત્રી નીતિન પટેલ ઉપરાંત કોંગ્રેસના શૈલેષ પરમાર અને બળવંતસિંહ સહીતના નેતાઓ તેમને વેલકમ કરી ગૃહ સુધી લઈ ગયા.
- ગૃહમાં પ્રવેશતા જ મોદીને વિપક્ષના નેતા અને નજીકના મિત્ર શંકરસિંહ વાઘેલાએ ખેસ પહેરાવી ઉમળકાભેર સ્વાગત કર્યું.
- ગૃહની બેઠક દરમિયાન નરેન્દ્ર મોદી અને શંકરસિંહ વાઘેલા હળવા ફુલ જોવા મળ્યા હતા.
- મોદી અને શંકરસિંહની આર.એસ.એસ. વખતની મિત્રતા ગૃહમાં ખિલી ઉઠી હતી.
- રાજયમાંથી આમંત્રિત સામાજિક અને વિવિધ ક્ષેત્રના ૭૦૦ જેટલા આગેવાનોઓએ પ્રેક્ષક દીર્ઘામાં હાજરી આપી હતી.
- મોદીની વિદાય ટાણે ખાસ સત્ર દરમિયાન ગૃહમાં રંગબેરંગી ફૂલો અને ગુલદસ્તાની અનોખી સજાવટ જોવા મળી હતી.
- સફેદ ડ્રેસ અને કોટીમાં સજ્જ મોદી સૌના આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા.
- અબડાસાથી ચુંટાયેલા કોંગ્રેસના પૂર્વ વિપક્ષ નેતા શકિતસિંહ ગોહીલે આજે પણ શપથ લીધા ન હતા ગૃહમાં તેમની ગેરહાજરી સૂચક રહી હતી.
- વિધાનસભાના સત્ર દરમિયાન ભાવિ પી.એમ.ની સાથે ભાવિ સી.એમ. અને તેના મંત્રીમંડળની ચર્ચા જોરમાં રહી હતી.
- પ્રત્યેક સદસ્યોની સ્પીચ બાદ તમામ સદસ્યો બેંચ થપાવતા નજરે પડયા હતા.
- અધ્યક્ષ વજુભાઈ વાળાએ સદસ્યો પર હળવી ટીખ્ખળ કરી સૌને હસતા રાખ્યા હતા.
- મોહનસિંહ રાઠવાએ તેમના પ્રવચનમાં વાલિયા લુંટારૂંનું ઉદાહરણ આપી વાત રજુ કરતા ગૃહમાં બે ઘડી સૌ હતપ્રત બની ગયા હતા.
- પ્રસંગ અને સમયને અનુરૂપ વાત ન હોવાનું માનતા સભ્યોમાં પણ બે ઘડી સન્નાટો છવાઈ ગયો હતો.
- મોદી ગુજરાતની જેમ પ્રત્યેક ભારતવાસીઓના હૃદયમાં સ્થાન પામે તેવી શુભેચ્છા આનંદીબેને પાઠવી હતી.
- નરેન્દ્ર મોદીએ ટીકાકારોને પણ પોતાના બનાવી લીધા હોવાનું ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું.
- ગાંધીજી વખતે દેશના નાગરિકોમાં જે ઉત્સુકતા જોવા મળતી હતી તેવી મોદી માટે જોવા મળતી હોવાનું પણ કહ્યું હતું.
- કેન્દ્ર સાથે સંકળાયેલા ગુજરાતના પ્રશ્નોને ઉકેલવા જણાવી વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ તેમને મોદી તરફથી અપેક્ષા વધુ છે તેમ જણાવ્યું હતું.
- મોદીએ આખી જિંદગી કાંટાળો રસ્તો પસંદ કર્યો હવે ફૂલોની સેજ છે : શંકરસિંહ
- હવે ગુજરાતના નાગરિકો ગુજરાતી પાસે અપેક્ષા રાખશે : શંકરસિંહ
- બંધારણના દાયરામાં રહીને રામ મંદિર નિર્માણ કરવા પણ વિપક્ષ નેતાએ અપેક્ષા વ્યકત કરી હતી.
- નરેન્દ્ર મોદીએ વિપક્ષના નેતા, ઉપસ્થિત સદસ્યો તેમજ પ્રત્યેક ગુજરાતીનો આભાર માન્યો હતો.
- નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું વિપક્ષના નેતા તે વાતનું ગૌરવ લેશે કે દેશના પ્રધાનમંત્રી મારી મોટરસાયકલ પર ફરતા હતા.
- મોદીએ પણ જુના દિવસોની યાદ તાજી કરી હતી.
- મોદીએ શંકરસિંહ વાઘેલા સાથે મોટર સાયકલ પર ગુજરાતના તમામ જિલ્લાઓમાં ફર્યા હોવાની વાતનો એકરાર કરી તેમના વચ્ચેની ગાઢ મિત્રતાનો પણ ઉલ્લેખ કર્યો હતો.
- ધારાસભ્ય લોકશાહીમાં સર્વોપરી છું. સદનમાં અત્યાર સુધી ખુબ ઓછું બોલ્યો છું : મોદી
- નરેન્દ્ર મોદી અને શંકરસિંહ વાઘેલા બંને સંઘના સ્વયંસેવકો મગની બે ફાડ પણ જુદી પણ ગુણ સરખા : અધ્યક્ષ વજુભાઈ
- કેન્દ્ર સાથેના પ્રશ્નોને લઈ વજુભાઈએ ફરી કોમેન્ટ કરી અન્યાય સંબંધિત પ્રશ્નોની બુકમાં જ સહી કરી દેવા મોદીને ભલામણ!
- હિન્દુસ્તાનને ગુજરાત મોડેલ સમર્પિત કરી દો : વજુભાઈ
- ગૃહમાં મોદીની બાજુમાં બેઠેલા નીતિનભાઈને જોઈ અધ્યક્ષે ફરી કોમેન્ટ કરી એક બોલે નહીં એક બોલ્યા વગર રહે નહીં!
- ગૃહમાં મુખ્યમંત્રીનું અને ત્યારબાદ અધ્યક્ષનું પ્રવચન પૂર્ણ થયા બાદ કોંગ્રેસના સદસ્યોએ શાલ પહેરાવી પુષ્પગુચ્છ આપીને મોદીને શુભેચ્છા પાઠવી.
- વિપક્ષ નેતા શંકરસિંહ વાઘેલાએ પણ ગુલદસ્તો અર્પણ કરી પી.એમ. પદ માટે શુભેચ્છા પાઠવી.
- ગૃહની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મોદીને ગૃહમાં ઉપસ્થિત સ્ટાફના સભ્યો ઉપરાંત વર્ગ-૪ના કર્મચારીઓએ વંદન કરી શુભકામનાઓ આપી.
- ફરજ પર હાજર પોલીસ સ્ટાફના અધિકારીઓએઅ પણ મોદીને અભિનંદન પાઠવ્યા.
- ગૃહની કાર્યવાહી પૂર્ણ થયા બાદ મોદી પોતાના કાર્યાલયના સ્ટાફ મેમ્બરને પણ વ્યકિતગત રીતે મળ્યા.
- કાર્યાલયથી સ્વર્ણિમ સંકુલમાં જતી વખતે એક મહિલાએ મોદીને આવેદનપત્ર આપી ન્યાય અપાવવા બૂમ પાડી.
- સ્વર્ણિમ સંકુલમાં પહોંત્યા ત્યાં સી.એમ. ઓફિસના પ્રત્યેક સ્ટાફ મેમ્બરને મળ્યા.
- સ્વર્ણિમ સંકુલમાં વિવિધ ત્રણ ઠેકાણે ભોજનની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જેમાં રાજકીય આગેવાનો, સ્ટાફ તેમજ પ્રેસ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી.

# સચિવાલય વિધાનસભાના કર્મચારીઓ દ્વારા નરેન્દ્ર મોદીનું જાહેર અભિવાદન

(તસવીર : દિપક જાની)





ભારતના પ્રધાનમંત્રી પદે નિયુકત થયેલ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું બુધવારે સાંજે સચિવાલય વિધાનસભાના અને રાજય સરકારના વિવિધ કર્મચારી મંડળો દ્વારા જાહેર અભિવાદન કરાયું હતું. નરેન્દ્ર મોદીએ કર્મચારીઓનો સહયોગ બદલ આભાર વ્યકત કર્યો હતો.

# ઈન્ફોસિટી ક્લબ ખાતે રક્તદાન શિબિર યોજાઈ

## ૩૧ મહિલાઓ સહિત ૯૧ નાગરિકોએ રક્તદાન કર્યું : સુકેતુ મહેતાએ ૧૨૨મી વખત રક્તદાન કર્યું : વીએચપીના જયદીપ પટેલ અને સામાજીક અગ્રણી સોમાભાઈ મોદી ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ દ્વારા આજે ક્લબ હાઉસમાં રક્તદાન શિબિર યોજવામાં આવી હતી. આ રક્તદાન શિબિરમાં કુલ ૩૧ મહિલાઓ સહિત ૯૧ વ્યક્તિઓએ રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના જયદિપ પટેલ અને સામાજીક અગ્રણી સોમાભાઈ મોદી પણ હાજર રહ્યા હતા.

ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે આજે સવારે ૯ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ રક્તદાન કેમ્પનો શુભારંભ દિપ પ્રાગટ્ય કરીને કરાયો હતો. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના જયદીપ પટેલ, સામાજીક અગ્રણી સોમાભાઈ મોદી, ઈન્ફોસિટી ક્લબના ચીફ ફાઈનાન્શીયલ ઓફિસર આર.કે. જૈન અને ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા. પ્રારંભિક સમારંભ બાદ ઈન્ફોસિટીના ચીફ ફાઈનાન્શીયલ ઓફિસર આર.કે. જૈન સર્વ પ્રથમ રક્તદાન કરી કેમ્પનો શુભારંભ કરાવ્યો હતો. આ કેમ્પમાં સુકેતુ મહેતા નામના રક્તદાતાએ તેમના જીવનનું ૧૨૨મી વખતનું રક્તદાન કર્યુ હતુ. તેમને જોઈને અનેક લોકો રક્તદાન નિયમિત કરવા પ્રેરિત થયા હતા. સમગ્ર દિવસ દરમ્યાન ચાલેલ આ રક્તદાન કેમ્પમાં કુલ ૩૧ મહિલાઓએ પણ રક્તદાન કર્યુ હતુ. આ ઉપરાંત ૬૦ પુરૂષ રક્તદાતાઓના રક્તદાન સાથે કુલ ૯૧ બોટલ રક્ત એકત્ર કરાયું હતું.



આ રક્તદાન કેમ્પમાં રક્ત એકત્ર કરવા માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલ કિડની હોસ્પિટલ તેમજ ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની ટીમે તેમની સેવાઓ આપી હતી. દરેક રક્તદાતાને રક્તદાન કર્યા પછી ચા-કોફી અને નાસ્તો આપવામાં આવ્યો હતો. આ રક્તદાન કેમ્પ બે ભાગમાં યોજાયો હતો. જેમાં ઈન્ફોસિટીના ક્લબ હાઉસ ઉપરાંત ટાવર નં. ૪ ખાતે પણ રક્તદાન લેવાયું હતું. સંપૂર્ણ રક્તદાન કેમ્પ એરકન્ડીશન્ડ હોલમાં યોજવામાં આવ્યું હતું.

(તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં બે દિવસીય ઓપન એશિયન થાઈબોકસીંગ ચેમ્પિયનશીપ યોજાશે

## વેસ્ટ ઈન્ડિયા થાઈબોક્સીંગ એસોસિએશન દ્વારા આયોજન કરવામાં આવ્યું : એશિયાના ખેલાડીઓ ભાગ લેશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં વેસ્ટ ઈન્ડિયા થાઈબોકસીંગ એસોસિશન દ્વારા રાજયના યુવાનોમાં રમત પ્રત્યે જાગૃતિ કેળવાય તે માટે શહેરમાં એશિયા થાઈબોકસીંગ ચેમ્પિયનશીપ યોજવામાં આવશે.

વેસ્ટ ઝોન થાઈબોકસીંગ એસોસિએશન પશ્ચિમ ભારતના પાંચ રાજયમાં સક્રિય પણે કાર્યરત છે ત્યારે રાજયના યુવાનોમાં રમત વિશે રુચિ કેળવાય, જાગૃતિ આવે તે હેતુથી મહિલા સ્વરક્ષણ, સેમિનાર, સમર કેમ્પ, રાષ્ટ્રીય કક્ષાની હરિફાઈઓનું આયોજન કરવામાં આવ્યું છે. થાઈબોકસીંગ ભારતીય મહાસંઘના સહયોગથી તા. ૨૪ના રોજ સવારે ૮.૦૦ કલાકે સચિવાલય જીમખાના સેકટર-૨૧ ખાતે શુભારંભ કરવામાં આવશે. બે દિવસીય કેમ્પમાં યુવાનોને તજજ્ઞો દ્વારા વિવિધ રમતો શિખવાડવામાં આવશે. જેમાં અશિયાના રમતવીરો સાથે નગરના યુવાનો પણ જોડાશે. આ કેમ્પની પૂર્ણાહુતિ તા. ૨૫મે ના રોજ સાંજે ૭.૦૦ વાગે કરવામાં આવશે. શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામ આપી નવાજવામાં આવશે.

# આજે સે-૨૬માં સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા.૨૧

રામચરિત માનસ પંચમ સોપાન સુંદરકાંડ પાઠ સંજયભારતી બાપુની વ્યાસપીઠે તા. ૨૨ મે, ગુરૂવારે રાત્રે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૫૩૯/૧, કિસાનનગર, સેકટર-૨૬ ખાતે યોજવામાં આવશે. સુંદરકાંડનો લાભ લેવા ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને સુંદરકાંડ પરિવાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# શહેરમાં સેન્સેકસનીજેમ ઉતર ચઢાવ કરતો ગરમીનો પારો : ભારે હાલાકી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સહિત રાજયભરમાં ગરમીનો પારો સતત સેન્સેકસની જેમ ઉપર નીચે થઈ રહ્યો છે ત્યારે રોકાણકારોની જેમ નગરજનો હાફડા ફાફડા થઈ રહ્યા છે. અસહ્ય ગરમીમાં પાટનગર વાસીઓ ભારે અકળામણ અનુભવી રહ્યા છે. નગરમાં આજે દિવસભર ગરમ સુસવાટા મારતા પવન સાથે ગરમીનો પારો ગત રોજની ૪૧.૩ની સરખામણીએ આજે ૪૧.૮ એટલે કે ૦.૫ વધુ નોંધાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરમાં છેલ્લા ૩-૪ દિવસથી સૂર્યદેવ આકાશમાંથી અગન વર્ષા કરી રહ્યા છે. દિવસભર ગરમી સાથે ગરમ પવન ફુંકાઈ રહ્યો છે. પાટનગરવાસીઓ અંગ દઝાડતી ગરમી વચ્ચે ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ગરમીના લીધે નાગરિકો ઘરમાં જ રહેવાનું પસંદ કરે છે. ના છૂટકે બહાર નિકળવાનું થતા શહેરીજનો ટોપી, રૂમાલ અને દુપટ્ટા બાંધી બહાર નિકળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ગત રોજ ગરમીનો પારો ૪૧.૩ ડિ.સે. નોંધાયો હતો જે તાપમાનમાં આજે ૦.૫ ડિ.સે.નો વધારો નોંધાયો હતો. જયારે લઘુત્તમ તાપમાન ૨૭.૫ નોંધાયું હતું. વાતાવરણમાં હિટવેવનો પ્રકોપ વધતા સવારે ભેજ ૫૪ ટકા અને સાંજે ૨૨ ટકા નોંધાયો હતો. ગરમીનું પ્રમાણ વધતા લોકો પર આડ અસર થવાની પણ શરૂઆત થઈ રહી છે. જયારે ગરમીના લીધે શહેરના જાહેર માર્ગો અને સેકટરોમાં લોકોની ચહલપલ બિલકુલ નહીંવત જોવા મળી રહી છે. સૂર્યેદવની આ અગન દઝાડતી ગરમીથી શહેરીજનો રીતસરના દાઝી રહ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૪૧.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૨૦ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૧૨.૦૦
ગોડજીલા (૩-ડી અંગ્રેજી):૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
મીલીઓન ડૉલર આર્મ : ૫.૧૫

: સ્ક્રીન-૨ :
ધ એક્સપોઝ : ૧૦.૦૦
એમ-૩ ૧૨.૩૦
હવાહવાઈ : ૩.૩૦
ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
ધ એક્સપોઝ : ૧.૦૦, ૩.૩૦, ૮.૦૦, ૧૦.૧૫
માઈટી રાજુ રીઓ કોલીંગ : ૬.૦૦

: સ્ક્રીન-૪ :
હવાહવાઈ : ૩.૩૦
ચિલ્ડ્રન ઓફ વોર : ૬.૩૦
ધ એક્સપોઝ : ૧૦.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગોડજીલા(૩-ડી, હિન્દી) : ૧૦.૪૫,૧.૪૦,૪.૩૫,૭.૩૦,૧૦.૨૫

: સ્ક્રીન-૨ :
ગોડજીલા-૩ ૩ડી (હિન્દી):૯.૪૫,૨.૪૫,૪.૦૦,૭.૦૦,૧૦.૧૫
સ્પાઈડરમેન-૨ (૩-ડી) : ૧૨.૪૫

: સ્ક્રીન-૩ :
ધ એકસપોઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૮.૦૫, ૧૦.૩૫
હવાહવાઈ: ૫.૩૦

: સ્ક્રીન-૪ :
માઈટી રાજુ રીઓ કોલીંગ : ૯.૦૦, ૨.૧૫, ૭.૩૦
ધ ચિલ્ડ્રન ઓફ વોર (હિન્દી) : ૧૧.૧૫, ૪.૩૦, ૯.૪૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધ એક્સપોઝ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ગોડજીલા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
મીડ સમર મીડનાઈટ મુંબઈ: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ધ એક્સપોઝ : ૭.૦૦

## આપની આજ

**મેષ** : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

**વૃષભ** : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

**મિથુન** : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

**કર્ક** : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

**કન્યા** : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

**તુલા** : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

**વૃશ્ચિક** : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**ધન** : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

**મકર** : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. વિનોદચંદ્ર સબાભાઈ દેસાઈ (ઉ.વ. ૪૭) મુ.પો. હાલીસા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. દિપીકાબેન જવાહર રામનાણી(ઉ.વ. ૪૨) પ્લોટ નં. ૧૯૯/૨, સમીર પેલેસ, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. વિદ્યાબહેન ઉત્તમદાસ સાધુ (ઉ.વ. ૬૮) શિવશક્તિ નગર, સ્વાગત સીટીની સામે, મુ.પો. અડાલજ તા.,જિ. ગાંધીનગર.